# JSW સિમેન્ટ 2019માં આઇપીઓ કરે તેવી શક્યતા



કોલકાતાઃ જેએસડબલ્યુ સિમેન્ટ આઇપીઓમાં 10 ટકાનો હિસ્સો છૂટો કરવા ધારે છે જે કંપનીનું રૂ.30,000 કરોડનું વેલ્યૂએશન કરશે. કંપનીના મેનેજીંગ ડિરેક્ટર પાર્થ જીંદાલના જણાવ્યા અનુસાર, અમે પ્રથમ તબક્કામાં 10 ટકાનો હિસ્સો છૂટો કરીને રૂ.2,500 કરોડથી રૂ.3,000 કરોડ ઊભા કરવા ધારે છે. આને આધારે કંપનીનું વેલ્યૂએશન રૂ.30,000 કરોડ જેવું થશે. કંપની 2019માં સામાન્ય ચૂંટણી પછી આઇપીઓ કરવાની યોજના ધરાવે છે. કંપની સિમેન્ટ ઉત્પાદનની ક્ષમતા 200 લાખ ટનની હાંસલ કરવાનો લંક્ષ્યાંક ધરાવે છે.